VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિ-સૌરાષ્ટ્રનાં જૂનાં પંથકો અને પરગણાં

## વજીર પ્રવિણભાઇ ભીખાભાઇ

ગુજરાતી વિભાગ,
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણી

## *પ્રસ્તાવના*

*એક મંતવ્ય અનુસાર આર્ય સંસ્કૃતિનો સમય ઇ.સ. પૂર્વે 360 નો. તે વખતે સિંધુમુખ એટલે સૌરાષ્ટ્રની આજુબાજુ અનાર્યો વસતા અને સૌરાષ્ટ્ર પ્રદેશમાં આસુરી સંસ્કૃતિ ફેલાયેલી હતી. ભૂસ્તર શાસ્ત્રીઓના મતાનુસાર આખો સૌરાષ્ટ્ર દેશ એક કાળે બેટ હતો. સૌરાષ્ટ્ર એક દ્વીપકલ્પ છે, તેનો દરિયા કાંઠો 750 માઇલ જેટલો છે, તેનું ક્ષેત્રફળ લગભગ 23500 ચોરસ માઈલ છે. અહીંનો મોટો પર્વત ગિરનાર છે, જેની આસપાસ સૌરાષ્ટ્રનો ઇતિહાસ ગૂંથાયેલો છે. અહીંથી વહેતી ભાદર, શેત્રુંજી, સુખભાદર, ઓજત, ભોગાવો, કાળુભાર અને મચ્છુ આ સાત નદીઓ મુખ્ય છે. ગિરનાર ઉપરાંત શેત્રુંજય, બરડો અને ચોટિલો એ મુખ્ય પર્વતો છે. નવલખી, ઓખા, પોરબંદર, વેરાવળ, મહુવા તથા ભાવનગર સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ બંદરો છે. સોમનાથ, દ્વારકા, જૂનાગઢ, ગઢડા અને પાલિતાણા આ સૌરાષ્ટ્રના મુખ્ય યાત્રાધામો છે. 'સ્વાધ્યાયવલ્લી'માં યથાર્થ કહ્યું છે કે, 'અલૌકિક ગીતાજ્ઞાન આપનાર શ્રીકૃષ્ણ યોગેશ્વરનું નિવાસ સ્થાન આ ઐતિહાસિકનગરી સૌરાષ્ટ્ર છે. આ ઉપરાંત આદિનાથ, નેમિનાથ ચોવીસ તીર્થંકરો, સહજાનંદ સ્વામી, સુદામા, મીરાં અને નરસિંહ મહેતા સમા પ્રભુ પ્રિય ભક્તોને પરમશાંતિ અહીં મળી છે.*

*ભગવદ્દગોમંડલ અનુસાર પ્રયાગ-ગુપ્ત, પ્રાચી-ક્ષેત્ર, ભાસ્કર ક્ષેત્ર, તાલદૈત્યની રાજધાની તાલ ધ્વજપરા- તળાજા, ઊના પાસેના સપ્તકુંડ, દેહોત્સર્ગ, વાસુકિની રાજધાની વંથલી, મહુવા, રુક્મિણીના પિતા ભિષ્મહની કનકાવતી, તુલસીશ્યામ, વર્તમાન સિંહોર જેવાં અનેક પુરાણા તીર્થો સૌરાષ્ટ્રની ભૂમિમાં ધર્મધજા લહેરાવી રહ્યાં છે.*

**વિવિધ પંથકો:-**

**1. કાઠિયાવાડ:પ્રદેશ-**

કાઠિયાવાડ એટલે કાંઠ (સમુદ્ર કિનારો) + વાડ (દ્વાર) હિંદના પશ્ચિમ કિનારા પર આવેલ આ પ્રાંત કાઠિયાવાડ નામે ઓળખાયો છે. તે કચ્છ અને ખંભાતના અખાત વચ્ચે આવેલો છે. રામકુભાઈ ખાચરના મતાનુસાર કાઠીઓ જે પ્રદેશ જીતીને પોતાના તાબા નીચે લાવ્યા તે કાઠિયાવાડ કહેવાયો. પ્રાચીન સૌરાષ્ટ્ર જે કાઠિયાવાડના નામે ઓળખાય છે. તે પાછળથી સોરઠ, હાલાર, ગોહિલવાડ અને ઝાલાવાડ એમ ચાર વિભાગોમાં વહેંચાયેલું હતું એમ જેઠમલજી મહારાજ નોંધે છે. સોરઠનું પાટનગર જૂનાગઢ, હાલારનું પાટનગર નવાનગર (જામનગર), ગોહિલવાડનું ભાવનગર અને ઝાલાવાડનું પાટનગર ધ્રાંગધ્રા-એ ચાર પૈકી જૂનાગઢનો પ્રદેશ આજે પણ સોરઠ તરીકે ઓળખાય છે. જે પ્રદેશમાં કાઠી લોકો વસ્યા હતા તે પ્રદેશ

http://vidyajournal.org

કાઠિયાવાડના નામે ઓળખાતો. આ કાઠિયાવાડની કામિની મોજડી, પાઘડી અને મહેમાનગતિ ખૂબ વખણાતી; જેની સાક્ષી આ દુહો પુરે છે.

**"પાતળી પહેરે મોજડી, ચાલે ચટકતી ચાલ,**
**વાંકી બાંધે પાઘડી, ભલો ઇ કાઠિયાવાડ,**
**ભાદરકાંઠાની ભેંસો ભલી, વેણુ વખાણું ગાય,**
**કાઠિયાવાડની કામિની, બરડા ચંગો જુવાન."**

**2. સોરઠ વિભાગ:-**

સૌરાષ્ટ્રના સોરઠ અને ઝાલાવાડ પ્રદેશોનાં નામો સોલંકીકાળથી એટલે કે 900 વર્ષથી પ્રસિદ્ધ છે. સૌરાષ્ટ્રના એક વિભાગ તરીકે સોરઠ પ્રદેશ ઓળખાતું એવું અનુમાન ઇતિહાસકારો કરે છે. કવિ નર્મદા શંકરે નોંધ્યું છે કે સોરઠ દક્ષિણમાં છે. એનું ક્ષેત્રફળ 5220 હતું. તેમાં જૂનાગઢનું મુસલમાની રાજ્ય, બાંટવાનું સંસ્થાન ગાયકવાડી કોડીનાર પ્રાંત, ફિરંગીનો દીવનો ટાપુ જેવાં રાજ્યોનો સમાવેશ થતો હતો. ભાદર નદી પર આવેલો ભાદરકાંઠો, નવી બંદર, ઘેડ મુલક, દક્ષિણે નોળી નદીનો નોળીકાંઠો, ચોરવાડ અને જાફરાબાદની વચ્ચેનો લીલી નાઘેર. ઇતિહાસવિદ્ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે કે, 'અનુમૈત્રકકાળમાં સૌરાષ્ટ્રરૂપ વ્યાપક થતું જતું હતું. સુરાષ્ટ્ર જેમ સુરાષ્ટ્રા શબ્દ, સૌરાષ્ટ્રના સમગ્ર દ્વીપકલ્પ માટે વપરાતુ હોય અને તેમાંથી સોરઠ શબ્દ આવ્યો હોય તેવી સંભાવના ખરી. સોરઠના સંખ્યાબંધ દુહાઓ તેની સાક્ષી સ્વરૂપ છે.

**"સોરઠ દેશ સોહામણો, ચંગા નર ને નાર,**
**જાણે સ્વર્ગથી ઊતર્યા, દેવદેવી અણસાર,**
**સોરઠ દેશ સોહામણો, મુજને જોયાના કોડ,**
**રત્નાકર સાગર ઘૂઘવે, ત્યાં રાજ કરે રણછોડ,**
**સોરઠ દેશ ન સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર,**
**ન નાહ્યો દામો રેવતી, અફળ ગિયો અવતાર."**

**3. હાલાર પંથક:-**

હાલાર એ સૌરાષ્ટ્રનો પ્રાચીન પ્રદેશ છે. ઓખામંડળની પૂર્વે કચ્છના અખાતને કાંઠે કાંઠે વાંકાનેર પાસે દેખાતી પર્વતમાળા સુધી તથા બરડાના ડુંગરો સુધી દક્ષિણમાં પથરાયેલ દેશ હાલાર કહેવાયો છે. હાલાર પોતાના વડવા કચ્છના જામ હાલાજીનું (ઇ. સ. 1050) નામ કાયમ રાખવા જામનગર વસાવનાર જામ રાવલે (ઈ.સ. 1519-62) આ પ્રદેશનું નામ 'હાલાવાડ' પાડ્યું. જે જામનગર, ખંભાળિયા, જોડીયા, રાજકોટ, ગોંડલ વગેરે હાલાર પરગણાં ગણાયાં. જામનગર, મોરબી, ગોંડલ, ધ્રોલ, વીરપુર, માળિયા, કોટડા વગેરે હાલાર પંથક ગણાતી.

**"નદી ખળુકે નીર વહે, મોર કરે મલાર,**
**જ્યાં સાતેય રસ નીપજે, ભોંય ધરા હાલાર,**
**જડિયો જંગલમાં વસે, ઘોડાનો દાતાર,**
**ત્રૂઠયો રાવળ જામને, હાંકી દીધો હાલાર."**

**"જૂની જાર રો ઢેબરો, માથે કળથી રો વઘાર,**
**ઊભો ઊભો ધાર ઘે, હુડે દેશ હાલાર."**

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

**4. ઝાલાવાડ પરગણું:-**

ઝાલાવાડ પરગણું હરપાળદેવજીના વંશજો ઝાલાઓ પરથી ઝાલાવાડ તરીકે ઓળખાય છે. લોકવાણીમાં એને ઝરજરિયો ઝાલાવાડ કહે છે. ઘણા ખરા સંસ્થાનોના રાજવી ઝાલા રાજપૂતો હતા; તેથી તેનું નામ 'ઝાલાવાડ' પડ્યું. ઝાલાવાડ રણના કાંઠે બજાણા સુધી ફેલાયેલું હતું. ઝાલાવાડના માનવીઓની વાણી અને પાણીની કહેવતો લોક કંઠે રમે છે.

**"કંકુ વરણાં લૂગડાં, ધોવા લઈ જાય પાણો,**
**પવાલા જેવડા ચૂડલા, ઈ ઝાલાવાડી જાણો,**
**લોટમાં કાંકરીને ભાંભલાં પાણી,**
**આખાબોલા માનવી, ઈ ઝાલાવાડી જાણો."**

**5. ઓખામંડળ પરગણું:-**

'ઓખામંડળ' પંથકનો પ્રથમ ઉલ્લેખ 'વર્ણકસમુચ્ચય' માંથી સાંપડે છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા નોંધે છે કે, ઉખામંડળ એ સૌરાષ્ટ્રના વાયવ્ય ખૂણાપરનું ઓખામંડળ છે. ઓખામંડળ એ જૂના વખતમાં ગાયકવાડના તાબાનો પ્રદેશ ગણાતો. સૌરાષ્ટ્રની પશ્ચિમે આવેલા ઓખામંડળ જે અગાઉ બેટ હતું. ઓખામંડળમાં કચ્છી બોલી પણ બોલાય છે. એક ઉક્તિમાં કહેવાયું છે કે,

**"આંક અરિઠા આંબલી, ઓખા મેળો એહ,**
**એક ન હોત શ્રીનાથજી, તો દીઠા જેવો દેહ."**

**6. મચ્છુ કાંઠો:-**

હાલારની પૂર્વમાં વાંકાનેર અને મોરબીવાળી મચ્છુ નદીનો પ્રદેશ મચ્છુકાંઠો કહેવાય છે. તેમાં મોરબીને માળિયા જોડેથી રાજપૂતોનાં સંસ્થાનો હતાં. આ પ્રદેશને પાછળથી હાલારની સાથે જોડી દેવામાં આવ્યો છે. તેનો એક દુહો જૂન-1975 માં મળે છે.

**"મચ્છુકાંઠોને મોરબી, વચમાં વાંકાનેર,**
**ચંગા માડુ નીપજે પાણી હુંદો ફેર."**

સૌરાષ્ટ્રમાં જેનો જોટો ન જડે એવા ખડ વડે માલઢોરને અમીની શેડ્યું આપતી મચ્છુ નદી માલધારીઓની માતા ગણાય છે. મચ્છુકાંઠાના અઢારેય વરણના વસવાટીઓ પટાદાર પાકે છે; એવા એના ગુણ છે. માનવીનો અમુક પ્રકારનો સ્વભાવ એ પંથકનાં પાણી, પરિસ્થિતિ અને પ્રાદેશિકતાને કારણે ઘડાય છે.

**7. લીલી નાઘેર:-**

હાલારના ઓખા પાસેનું એક પરગણું 'બારાડી' જાણીતું છે. આ બારાડી પંથકની દક્ષિણ-પૂર્વે માધવપુરથી માંડીને કોડીનાર તથા ચોરવાડ અને જાફરાબાદના દરિયાકાંઠાનો વિસ્તાર 'નાઘેર' તરીકે ઓળખાય છે. કેપ્ટન મેકમર્ડો નોંધે છે તેમ નાઘેર રજપૂતના તાબામાં હતું, તે ઉપરથી એનું નામ પડ્યું. આ પ્રદેશ સૌથી વધુ ફળદ્રુપ પ્રદેશ ગણાય છે, ત્યાંની ઘણી ચીજો વખણાય છે.

**8. ભાદરકાંઠો અને નોળીકાંઠો:-**

ભાદર એ સૌરાષ્ટ્રની સૌથી પ્રાચીન અને મોટી નદી છે. ભાદર અને ભાદરમાં ભળી જતી નાની-મોટી નદીઓ ઘેડ પ્રદેશના ધોવાણનો કાંપ સમુદ્રમાં ઠાલવે છે; પરિણામે ઘેડના છીછરા સમુદ્રને ભાદર અને તેની ઉપનદીઓએ પૂરી દીધો છે. આ

http://vidyajournal.org

ભાદર નદી પરનો પ્રદેશ 'ભાદરકાંઠા'ના નામે ઓળખાય છે. દરિયા કિનારા પર નવી બંદર અને માધવપુર એ બેની વચ્ચે આવેલા ઘેડની બરોબર દક્ષિણે નોળી નદીના કાંઠા ઉપરનો વિસ્તાર 'નોળીકાંઠા' તરીકે જાણીતો છે.

**9. ભાલબારુ-ભાલ પરગણું:-**

ખંભાતના કંઠાવ્ય ભાગને 'ભાલબારું' કહે છે. ભાલ નળકાંઠો, કનેર અને કાઠિયાવાડના સીમાડા એકબીજાને આંટીયુ નાખીને ઊભા છે. બાવળા, બગોદરા, ધોલેરાથી લઈને બરવાળા વલ્લભીપુર સુધીનો દરિયા કિનારો પંથક ભાલ કહેવાય છે. ભાવનગરની સમાંતર વચલો પટ્ટો 'કનેર' ના નામે ઓળખાય છે. બાવળાથી પશ્ચિમે સાણંદથી લઈને રાણાગઢ સુધીનો વિસ્તાર 'નળકાંઠો' કહેવાય છે. ભાલમાં લીમડા, ખીજડા સિવાયની વનરાજી ઓછી જોવા મળે છે. વૃક્ષવિહોણા પંથક માટે કહેવત જાણીતી છે **'કપાળમાં ઉગે વાળ તો, ભાલમાં ઉગે ઝાડ'.** મુલક નપાણિયો પણ મનેખ એના પાણીદાર. હેમચંદ્રાચાર્યની જન્મભૂમિ પણ ધંધુકા ભાલ છે. ખંભાતનો અખાત જલદી જલદી પાછો હટવા લાગ્યો અને અગ્નિકોણ તરફનું રણ હટી જવાથી ત્યાં 'ભાલપરગણું' બની ગયું. ભાલ પ્રદેશના ઘઉં વિશ્વભરમાં જાણીતા બન્યા છે. એના દુહા અને ઉક્તિઓ એ ધરતીની તાસીરની વાત કરે છે.

**"ભલ ઘોડા, ભલ માનવી, ભલ ગુજરાતે ભાલ,**
**કાઠી ધરા કાઠિયાવાડની, ભલા ધરા રસાળ,**
**નહીં છાશ છમકોને છાંયડો, એવા કેતાક અવગુણ કહું?**
**પણ ભૂંડામાં ભલું એટલું, ભાલ નીપજે ઘઉં."**

એટલે કહેવાય છે કે, **ધૂળ ગામ ધોલેરાને બંદર ગામ બારા, કાંઠા ઘઉંની રોટલી ને પાણી પીવા ખારા તોય ધોલેરા સારા ભૈ સારા.**

## સંદર્ભ

1. વર્ણકસમુચ્ચય- ભોગીલાલ સાંડેસરા
2. કાઠિયાવાડ સર્વસંગ્રહ- કવિ નર્મદાશંકર
3. શિહોરની હકીકત- દેવશંકર ભટ્ટ
4. ઊર્મિનવરચના- દુહા અંક –જૂન-1975
5. આલાખાચર સાહેબનું જીવનચરિત્ર- જેઠમલજી મહારાજ